# <u>ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા</u>

# <u>કચ્છ યુનિવર્સીટી</u>

# <u>એક્સ્ટર્નલ પ્રવેશ વર્ષ ૨૦૧૭-૧૮</u>

<u>સુચનાઓ :–</u>

❖ **એક્ષ્ટર્નલ (બાહ્ય) વિદ્યાર્થીઓ માટે અગત્યની સૂચના :–**

૧. વિદ્યાર્થીઓએ આવેદન પત્રકમાં સંપૂર્ણ વિગત **ઓનલાઈન** ભરવી. જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ **સાથે** અવેદન પત્ર રૂબરૂમાં જમા કરાવવાનું રહેશે.

૨. ફોર્મમાં જણાવેલ સરનામા ઉપર પત્રવ્યવહાર કરવામાં આવશે. સરનામા ની ફેરફારની જાણ કરવી. અપૂરતું સરનામું હશે તો તેની જવાબદારી વિદ્યાર્થીની રહેશે. જો પરીક્ષાથી પાંચ દીવસ અગાઉ સુધી પરીક્ષાની રસીદ ઘરે ન આવે તો યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં ૧૧૪ માંથી અસલ ફી ની રસીદ બતાવી લઈ જવી.

૩. પરીણામ જાહેર થયાની તારીખથી માત્ર ૧૫ દિવસમાં ગુણચકાસણી કે પુનઃમુલ્યાંકન માટે નિયત ફોર્મમાં જરૂરી ફી સાથે પરીક્ષા વિભાગમાં અરજી કરવી જરૂરી છે. વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરેલ માર્કશીટ પરથી પુનઃમુલ્યાંકનનું ફોર્મ ભરવાનું રહેશે.

૪. પરીક્ષાની તારીખો અખબાર યાદીમાં તથા પરીક્ષાનું ટાઈમ – ટેબલ યુનિવર્સિટી ની વેબસાઈટ <u>www.kskvku.digitaluniversity.ac and www.kskvku.ac.in</u> પર જાહેર કરવામાં આવશે.

૫. આવેદન સાથે રજૂ કરેલ અસલ સર્ટિફિકેટ / માર્કશીટ વિ. (રજીસ્ટ્રેશન) નોંધણી થયા બાદ પરત કરવામાં આવશે. આથી વિદ્યાર્થીઓને તેની પ્રમાણિત અથવા વધારાની નકલો મેળવી લેવા જણાવવામાં આવે છે.

૬. એક્ષ્ટર્નલ તરીકે રજીસ્ટ્રેશન કરાવનાર વિદ્યાર્થી રેગ્યુલર અભ્યાસમાં જોડાઈ શકશે નહી.

૭. રીપીટર / પાર્ટ / એ.ટી.કે.ટી. વગેર બાહ્ય પરીક્ષા માટે નોંધણી (રજીસ્ટ્રેશન) ફી / મીસે ફી અને પરીક્ષા ફી ભરવાની રહેશે. જયારે રેગ્યુલર

રજીસ્ટ્રેશન કરાવવા માટે રજીસ્ટ્રેશન ફી / મીસે ફી ભરવાની રહેશે.

૮. પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફિકેટ માટે વિદ્યાર્થીએ યુનિવર્સિટી કાર્યાલય મથકે જાતે રૂબરૂ જ આવવાનું રહેશે. પ્રોવિઝનલ એલીજીબીલીટી

સર્ટીફિકેટ માટે SSC થી તમામ અસલ પ્રમાણપત્રો સાથે રાખવા ફરજીયાત છે.

૯. એક્ષ્ટર્નલ વિદ્યાર્થીઓના ગાઈડન્સ લેકચર હવેથી લેવામાં આવશે નહી, તેમજ સીલેબર્સ સિવાય અન્ય કોઈ સાહિત્ય આપવામાં આવશે નહી.

૧૦. વર્ષ ૨૦૧૨ – ૧૩ થી બાહ્ય અભ્યાસક્રમમાં સેમેસ્ટર પદ્ધતિ અમલમાં મૂકવાનો નિર્ણય લેવામાં આવેલ છે તે પ્રમાણે વિદ્યાર્થીઓએ વર્ષમાં બે વાર પરીક્ષા ઓકટોબર / નવેમ્બર અને માર્ચ / એપ્રિલ માં આપવાની રહેશે.

૧૧. પાસીગ ધોરણ ૪૦% છે.

**૧૨. એક્ષ્ટર્નલમાં એડમિશન લીધા પછી તે એડમિશન રદ કરાવવાથી ફી પરત કરવામાં આવશે નહી.**

૧૩. વિદ્યાર્થીઓએ જે મુખ્ય વિષય રાખેલ હોય તેની જ પરીક્ષામાં બેસવું અન્ય પેપરમાં બેસશે તો ગેરહાજર ગણવામાં આવશે અને તે વિદ્યાર્થીને નાપાસ નાહેર કરવામાં આવશે જેની તમામ જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે.

૧૪.	ગુજરાત રાજય બહારની યુનિવર્સિટીમાંથી આવતા વિદ્યાર્થીઓએ ૧૦ + ૨ + ૩ = ૧૫ વર્ષનો ડીગ્રી કોર્ષ કરેલ હશે તે વિદ્યાર્થી જ પ્રવેશને પાત્ર

ગણાશે . તેમને તેમના આવેદન પત્ર સાથે દરેક વર્ષના મૂળ ગુણપત્રકો તથા તેની પ્રમાણિત ઝેરોક્ષ નકલો જોડવી ફરજીયાત છે.

૧૫.	બી.એ. માં જે વિષયો હોય તે જ વિષયમાં એમ.એ. નો વિષય રાખી શકાશે .

૧૬.	સેમેસ્ટર – ૩માં નાપાસ થનાર વિદ્યાર્થી પણ સેમેસ્ટર – ૪ ની પરીક્ષા માર્ચ – એપ્રિલમાં આપી શકશે. તેણે રીપીટર તરીકે ની પરીક્ષા બીજા વર્ષે ફરીથી ફોર્મ અને ફી ભરી આપવાની રહેશે. સેમેસ્ટર – ૪ માં ફરીથી ફોર્મ ભરવાની જરૂર નથી.

**૧૭.	સેમેસ્ટર – ૧ અને ૨ માં નાપાસ થનાર કે ATKT ધરાવનાર વિદ્યાર્થી સેમેસ્ટર – ૩ અને ૪ માં પ્રવેશ મેળવી શકશે.**

**૧૮.	પરીક્ષા કેન્દ્ર ઓનલાઈન પસંદ કર્યા મુજબ જ રહેશે.(અન્ય ફેરફાર યુનિવર્સિટીને આધિન રહેશે.)**

**વિષય પસંદગી અંગે :–**

૧૯.	વિદ્યાર્થીએ રજીસ્ટ્રેશન ફોર્મમાં જે વિષયોની પસંદગી કરેલ હશે તે વિષયોમાં ફેરફાર કરી શકશે નહી. જે પ્રશ્નપત્રોમાં વૈકલ્પિક વિષયો હશે તેમાં યુનિવર્સિટી એ નકકી કરેલ વિષય સ્વીકારવાના રહેશે.

**૨૦.	જે વિષયો પસંદ કરો તેના પેપરના પુરા નામ અભ્યાસક્રમમાં જોઈને બરાબર લખવા અને તેની અલગ નોંધ પોતાની પાસે રાખવી.**

૨૧.	જે વિષય સાથે સ્નાતક થયેલ હશો તેજ વિષય માં અનુસ્નાતક અભ્યાસક્રમ માં પ્રવેશ મેળવી

શકાશે.સેમસેસ્ટર – ૧/૨ પછી સેમેસ્ટર – ૩/૪ માં વિષય બદલાવી શકાશે નહી.

૨૨.	CBCS પદ્ધતિ અનુસાર પરિણામ લાગુ પડશે,જેમાં SGPA તથા CGPA મુજબની દસ પોઈન્ટ ગ્રેડિંગ પદ્ધતિ લાગુ રહેશે.

**પરીક્ષા સંબંધિત સૂચનાઃ–**

૨૩.	પરીક્ષામાં હોલ ટીકિટ સાથે રાખવાની રહેશે.

૨૪.	પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ લાવવાની મનાઈ છે.

૨૫.	પરીક્ષા શરૂ થયાના ૧૫ મિનીટ પહેલાં પોતાની જગ્યા મેળવી લેવાની રહેશે. ૩૦ મિનીટ થી વધુ મોડી આવનારને પરીક્ષાખંડમાં પ્રવેશ મળશે નહી.

**૨૬.	એક્ષ્ટર્નલ વિદ્યાર્થીમાટે પરીક્ષા ત્રણ કલાક રહેશે.**

**૨૭.	એક્ષ્ટર્નલ વિદ્યાથીએ A અને B બન્ને વિભાગના જવાબ લખવાના રહેશે.**

૨૮.	એમ.એ. / એમ.કોમ. માં રીપીટર વિદ્યાર્થીઓએ જૂના કોર્ષ મુજબ પરીક્ષા આપવાની રહેશે. તેઓએ બે ટ્રાય આપવાની રહેશે.

૨૯.	વાર્ષિક પદ્ધતિના વિદ્યાર્થીઓને વાર્ષિક પદ્ધતિનો જૂનો અભ્યાસક્રમ લાગુ પડશે.આ વર્ષે માર્ચ – એપ્રિલ – ૨૦૧૭ માં વાર્ષિક પદ્ધતિની છેલ્લી પરીક્ષા લેવામાં આવશે. ત્યારબાદ વાર્ષિક પદ્ધતિમાં નોંધાયેલ રજીસ્ટ્રેશન રદ થશે. તેઓએ નવું રજીસ્ટ્રેશન કરાવી પરીક્ષા આપવાની રહેશે.

**વિદ્યાર્થીએ આવેદનપત્ર સાથે નીચે મુજબની ફી ભરવાની રહેશે.**

૩૦.	અધર યુનિવર્સિટી તથા બોર્ડ માંથી આવતા વિદ્યાર્થીઓએ રૂા. ૧૦૦/– એલીજીબીલીટીના અલગથી ભરવાના રહેશે.

૩૧. RTI અંતર્ગત જે વિદ્યાર્થી પિતાની ઉતારવહી મળવવા માંગતા હોય તેમણે ઓનલાઈન અરજી કરી ને આરટીઆઈ ના નિયત નમુનામાં અરજી યુનિ. કાર્યાલય માં આપવાની રહેશે. જેનો સમય પરિણામ જાહેર થયા ના પંદર દિવસ સુધી નો રહેશે.